

આમને કોણ ભણાવે ? એવા જટીલ સવાલનો જવાબ આ તંબુની શાળા આપી રહી છે. નારણપુરા પોલિસ સ્ટેશન નજીક મજૂરી કરનારા આદિવાસીઓની ઝૂંપડપટ્ટીઓ આવેલી છે... એમના પરિવારોના બાળકોની સંખ્યા વિશેષ છે... એમણે કદિ નિશાળ જોઈ નથી - પરંતુ એમના શિક્ષણની ચિંતા કરવાવાળા કેટલાકે ત્યાં એક તંબુ ખોડી દઈને એ વિસ્તારના બાળકોને ભણાવવા સમજાવ્યા અને થોડાક આવ્યા પણ ખરા... જે શિક્ષકોને સરકારી શાળામાં મોટો પગાર મળી શકે એવા સેવાભાવી ત્રણ શિક્ષકો અહીં સેવા આપી રહ્યા છે... કોઈએ અહીં સ્લેટો આપી... તો કોઈ બેસવાના પાથરણા ભેટ આપી ગયા. આ મફત શિક્ષણના અભિયાનમાં ગરીબીના ખપ્પરમાં સબડી રહેલા બાળકોના શરીરમાં પોષણક્ષમ એવો નાસ્તો-ભોજન તથા કપડાં આપનારા નાગરિકોને પણ વિદ્યાદાનમાં જોડાવવાનું દિલ થઈ ગયું. નિરક્ષરના અડાબીડ જંગલમાં તમે પણ નાનકડો દિપ પ્રકટાવવા આવી શકો છો. જ્યાં આકાશ છત છે અને ધરતી બિસ્તર છે એવી કાજળકાળી જિંદગીમાં અફળાતા છેવાડાના બાળકોને શિક્ષણથી વંચિત ન રખાય... (ફોટો : ઝવેરીલાલ મહેતા)